સને ૨૦૧૪-૨૦૧૫ ના વર્ષના ફેરફાર કરેલ (Modified) અંદાજપત્રમાંથી ફેબ્રુઆરી-૨૦૧૫ના માસ માટેની આયોજન હેઠળની ગ્રાન્ટ ફાળવવા બાબત.
માંગણી ક્રમાંક: ૬૭ ( આયોજન હેઠળ )

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૪/૨૪૨/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૧૦-૦૨-૨૦૧૫

વંચાણે લીધો : -

- નાણા વિભાગનો તારીખ : ૨૨-૦૧-૨૦૧૫ નો પરિપત્ર ક્રમાંક : અપબ /૧૦૨૦૧૪ /૭૭૭ / ૨૪૭૮૯૦ /ક

યાદી :-

આમુખમાં દર્શાવેલા નાણા વિભાગના તારીખ : ૨૨-૦૧-૨૦૧૫ ના પરિપત્રથી સને ૨૦૧૪-૧૫ ના વર્ષના ફેરફાર કરેલ (મોડીફાઈડ) અંદાજપત્રની જોગવાઈ માંથી માહે : ફેબ્રુઆરી-૨૦૧૫ ના માસ માટેની આ પ્રભાગને ફાળવેલ રૂા.૧૩૧૪૫.૮૪ લાખ (અંકે રૂપિયા એકસો એકત્રીસ કરોડ પિસ્તાલીસ લાખ ચોર્યાસી હજાર પુરા) ની ગ્રાન્ટ ઉપસચિવશ્રી (પા.પુ.) નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે. ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ મુખ્ય સદર–૨૨૧૫ માં રૂા.૮૩.૩૪ લાખ તથા મુખ્ય સદર–૪૨૧૫ માં આયોજન હેઠળ રૂા.૧૩૦૬૨.૫૦ લાખની ગ્રાન્ટ ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લીમીટેડ, ગાંધીનગરને નીચે જણાવેલ સદરોએ સ્થાયી ખર્ચ તથા કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા ફાળવણી કરવામાં આવે છે.

## (ક) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લીમીટેડ (જી.ડબ્લ્યુ.આઈ.એલ)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મુખ્ય સદર -<br>પેટા સદર -<br>ગૌણ સદર -<br>પેટા મુખ્ય સદર -<br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા<br>૦૧ પાણી પુરવઠો<br>૮૦૦ અન્ય ખર્ચ<br>૦૭ ડબલ્યુ. એસ.એસ.-૪૨ અગ્રીમ પ્રાયોગિક<br>૦૦<br>૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન<br>૨૨૧૫ ૦૧ ૮૦૦ ૦૭ | ૮૩.૩૪ | અંકે રૂપિયા ત્યાસી લાખ ચૌત્રીસ હજાર પુરા |
| | સરવાળો - | ૨૨૧૫ | ૮૩.૩૪ | |
| ૧ | મુખ્ય સદર -<br>પેટા સદર -<br>ગૌણ સદર -<br>પેટા મુખ્ય સદર -<br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>૦૧ પાણી પુરવઠો<br>૧૦૨ ગ્રામીણ પાણી પુરવઠો<br>૧૪ ડબલ્યુ. એસ.એસ.-૪૮ સરદાર સરોવર નેહર ઉપર સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને પંચમહાલ માટેની પાણી પુરવઠા યોજનાનો અમલ<br>૦૦<br>૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>૪૨૧૫ ૦૧ ૧૦૨ ૧૪ | ૧૩૦૨૦.૮૪ | અંકે રૂપિયા એક સો ત્રીસ કરોડ વીસ લાખ ચૌર્યાસી હજાર પુરા |
| ૨ | ગૌણ સદર -<br>પેટા મુખ્ય સદર -<br>વિગતવાર સદર -<br>હેતુ સદર -<br>હેડ ચાર્જેબલ - | ૧૯૦ જાહેર ક્ષેત્રના અને અન્ય ઉપક્રમોમાં મૂડી રોકાણ<br>૦૧ ડબલ્યુ. એસ.એસ.-૪૮ ગુજરાત રાજ્ય પેટા જળ આંતર માળખાકીય કં. લી. ની શેરમૂડીમાં રોકાણ<br>૦૦<br>૫૪૦૦ મૂડી રોકાણ<br>૪૨૧૫ ૦૧ ૧૯૦ ૦૧ | ૪૧.૬૬ | અંકે રૂપિયા એકતાલીસ લાખ છાસઠ હજાર પુરા |
| | સરવાળો - | ૪૨૧૫ | ૧૩૦૬૨.૫૦ | |
| | સરવાળો - | (ક) ૨૨૧૫ અને ૪૨૧૫ | ૧૩૧૪૫.૮૪ | |

શરતો :-

૧. સને ૨૦૧૪-૧૫ નાં વર્ષમાં ફેરફાર કરેલ અંદાજપત્રની જોગવાઈની મર્યાદામાં રહીને ખર્ચ કરવાનો રહેશે.

૨. આ રકમમાંથી પગાર અને ભથ્થાના એરીયર્સની ચુકવણી કરી શકાશે.

૩. સદર ગ્રાન્ટમાંથી ચાલુ વર્ષના વીજળીના બીલો ભરવાના થતા હોય તો અગ્રતા આપવાની રહેશે.

૪. સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.

૫. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ઉપસચિવશ્રી (પા.પુ.) ને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

૬. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.

૭. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.

૮. નાણા વિભાગના આમુખમાં ઉલ્લેખિત તા.૨૨-૦૧-૨૦૧૫ના પરિપત્રની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરિપત્રમાં જણાવ્યા મુજબ આ સાથે ફાળવવામાં આવેલી ગ્રાન્ટમાંથી કોઈપણ રકમ પી.એલ.એ. માં જમા કરાવી શકાશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર. બી. સોલંકી)
સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. ઉપસચિવ (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૩. મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વોટર અને સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો), જલસેવા ભવન, સેક્ટર - ૧૦/એ, ગાંધીનગર.
૪. ચીફ જનરલ મેનેજરશ્રી, ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રક્ચર લી., ગુજરાત પા.પુ અને ગ.વ્ય. બોર્ડ, ૩જો માળ જલસેવા ભવન, સેક્ટર - ૧૦/એ, ગાંધીનગર.
૫. નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૬. મુખ્ય ઈજનેરશ્રી, (પ્લા. અને મોની.), ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૭. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.

<u>નકલ રવાના</u>

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
૪. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૫. નાયબ સેક્શન અધિકારી.
૬. પસંદગી ફાઈલ.